## સમરી આવક નં–૨/૨૦૨૫ ના કામમા આંક–૧ લગત હુકમ.

૧) આ કામે ફરીયાદીએ આપેલ ફરીયાદ વંચાણે લીધેલ છે તથા તેની તપાસ અન્વયે પોલીસે જે આરોપી વિરૂધ્ધ ફરીયાદ અનુસંધાને તપાસ કરેલ છે તેના સમગ્ર પેપર્સ વંચાણે લીધેલ છે તથા ફરીયાદી તર્ફે રજુ કરાયેલ દસ્તાવે પુરાવો વંચાણે લીધેલ છે. સદર કામમા રેકર્ડ ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે, ગુનો બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨) મુજબ એવી રીતે કે, આ કામના ફરીયાદી તેમજ ભોગબનનાર પાયલબેન ગણેશભાઈ નાઓ સાથે બપોરના એકાદ વાગ્યના સુમારે પોતાના ઘરે હાજર હતા તે વખતે ફરીયાદી જમવાનુ બનાવતા હત તે વખતે ભોગબનનાર પોતાના ગામના સ્ટેશન ઉપર બેંકમા જાવુ છુ તેમ કહી પોતાના ઘરેથી નીકળેલ પછી પરત ઘરે નહી આવતા શોધખોળ કરતા મળી આવેલ ન હોય ભોગબનનાર ને કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગુનો કર્યો તે વિગેરે બાબત વાલીયા પોલીસ સ્ટેશન ના એફ.આઈ.આર નંબર–૧૧૧૯૯૦૫૦૨૪૦૯૪૦/૨૦૨૪ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨) મુજબનો ગુનો તા ૧૩/૧૦/૨૦૨૪ કલાક ૨૦/૧૫ વાગે પોલીસ અમલદાર વુ.હે.કો.ભાવનાબેન ચીમનભાઈ નાઓએ ગુનો દાખલ કરી આગળની તપાસ અમારા તરફ કરતા અમોએ તપાસ સંભાળી લીધેલી હતી. આ કામે અમો તાત્કાલીક બનાવ વાળી જગ્યાની વિઝીટ કરવામા આવેલ તેમજ આજુબાજુ મા સી.સી.ટી.વી. ફુટેજ ની ચકાસણી કરવામા આવેલ હતી તેમન જીલ્લાના તમામ થાણા અમલદાર શ્રી ઓને વા.મેથી.વોચ તપાસમા રહેજા જાણ કરવામા આવેલ તેમજ જીલ્લા

એમ.ઓ.બી.શાખા ભરૂચ ખાતે પ્રસિધ્ધી માટે યોગ્ય ફોર્મ ભરી મોકલી આપેલ તેમજ ગુમ/અપહરણ થનાર ની મીત્ર મંડળમા તપાસ કરવામા આવેલ હતી. તેમજ અમારા અંગત ભરોષવાળા બાતમીદારને મળી ગુમ/અપહરણ થયેલ બાળકીની કોઈ હકીકત મળે અમોને ખાનગી રાહે જાણ કરવા સુચના કરેલ તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી ફરીયાદમા જણાવેલ સાહેદના નિવેદનો લેવામા આવેલ હતા તેમજ કોઢ ગામના બસ સ્ટેશન ઉપર આવતી જતી રીક્ષાવાળાઓને ગુમ થયેલ બાળકી ની હકીકત મેળવવામા આવેલ અને તેઓને ગુમ બાળકીની કોઈ સચોટ હકીકત મળે અમોને જાણ કરવા સુચના કરેલ.

આ સમય દરમ્યાન ગુમ થયેલ બાળકી તેના મિત્ર રવી ઉર્ફે રવિંદ્ર વસાવા ત્યાં હોવાની હકીકત મળતા અત્રેથી પો.સ.ઈ શ્રી કે.બી.ડોડીયા તથા બીજા પોલીસ સાથે ટીમ મોકલી આપેલ અને રવિ વસાવાના ઘરે તપાસ કરતા તેના ઘરે ગુમ બાળકી હાજર ન હતી. જેથી શકદાર રવિ વસાવાને સાથે રાખી ગુમ બાળકી અંગે યુકિત–પ્રતિયુકતી પુછપરછ કરતા ગુમ બાળકી રવી વસાવા ના સગા સબંધી પાદરા ખાતે રહેતા હોય તે સ્થળ ઉપર જઈ તપાસ કરતા ગુમ બાળકી મળી આવતા બાળકીને લઈ ફરીયાદી શ્રી ના ઘરે કબજો સોપેલ અને બીજા દીવસે સવારે તપાસ ના કામે હાજર રહે તે રીતે સમજ કરવામા આવેલ અને રવિ વસાવા તથા તેમના સગા સંબધીઓને તપાસના કામે નોટીસ આપવામા આવેલ હતી આવેલ હતી. બાદ ફરીયાદી તથા ગુમ બાળકી અત્રે આવતા ગુમ બાળકી ચાઈલ્ડ કોર્નર રૂમમા બેસાડી પુછપરછ કરતા નીચે મુજબ વિગત લખાવેલ.

હુ એકાદ વર્ષે થી મારા મમ્મીના મોબાઈલ મા આરોહી નામના આઈડી બનાવી ઈન્સ્ટ્રાગ્રામનો ઉપયોગ કરતી હોવાથી રવી વસાવા, ।નાઓ સાથે ઓળખાણ થયેલ હોવાથી વાતો કરતી હતી અને કયારેક મારા મોટાભાઈ રાહુલના મોબાઈલ નંબર પરથી રાતના સમગે રવીને ફોન કરી વાતા કરતા હતા . આ સમય દરમ્યાન મારા મમ્મીને ખબર પડી ગયેલ હોવાથી ચાલુ સાલે ગણપતી તહેવાર દરમ્યાન આ રવીને મારા મમ્મીને ફોન કરી બોલાવેલ હતો અને પાંચેક દીવસ રોકાયેલ હતો અને મારા મમ્મી એ કહેલ કે, અહીયા રહી મહેનત મજુરી કરજે તેમ કહેલ હતુ અને રવીના મમ્મી પપ્પાને ફોન કરતા તે લોકો અમારા ઘરે આવેલ હતા અને રવી વાસાવાને તેડી ગયેલા હતા અને આ રવિ વસાવા સાથે ફ્રેન્ડસીપ હોવાથી નવરાત્રી તહેવારમા તા ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ આવેલ અને તા ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ એક રાત રોકાઈ સવારે જતો રહેલ હતો અને મને એક કી–પેડ જીઓ કંપનીનો સીમ સાથે નો મોબાઈલ ફોન આપી ગયેલ હતો. તે મોબાઈલ બપોરના સમયે મારા ભાઈએ ફોડી નાખેલ હોવાથી તા ૧૨/૧૦/૨૦૨૪ ના રોજ બપોરના એકાદ વાગ્યાના સમારે મારા મમ્મીને કહેલ કે, હુ સ્ટેશન ઉપર બેકંમા જઈને આવુ તેમ કહી મારા નાના ભાઈ ધવલભાઈ સાથે ગયેલ હતી અને ધવલને સ્ટેશન ઉપર છોડી હુ સ્ટેશન ઉપરથી એક ઓટો. રીક્ષામા બેસી અંકલેશ્વર  રેલ્વે સ્ટેશન નજીક બહાર પ્રતિન ચોકડી ઉપર ઉતરેલ અને ત્યાથી ઈકકો ગાડીમા બેસી ભરૂચ સ્ટેશન ગયેલ અને ત્યાંથી વાગરાની એસ.ટી.બસ મા બેસી સમની ગામના બસ સ્ટેશન ઉપર પાચેક વાગે ઉતરેલ હતી અને સ્ટેશન ઉપર ફોર વ્હીલ

**ગાડીવાળા પાસેથી ફોન માંગી મારા મીત્ર રવીને ફોન કરી જાણ કરેલ કે,હુ સમની ગામના બસ સ્ટેશન ઉપર આવેલ છુ તુ મને લેવા માટે આવ તેમ કહેતા રવિ વસાવા સ્ટેશન ઉપર આવેલ અને તેના મીત્ર સંબધીના ઘરે જવાનુ કહેતા તેના મીત્રના સગા પાદરા ખાતે રહેતા હોય ત્યાં જઈ રોકાયેલ હતી. મારા સાથે કોઈ અનિરછનિય બનાવ બનેલ નથી કે મારો મિત્ર ઘરે રહેવા આવેલ તેવખતે પણ શરીર સંબધ બાધેલ નથી. આ મારા ભાઈએ મને મારા મીત્રએ આપેલ મોબાઈલ તોડી નાખી ગાળો બોલતા હોવાથી મને લાગી આવતા મારા મીત્ર ના સંબધીના ઘરે જતી રહેલ હતી તેમ હકીકત લખાવેલ છે. તેમ છતા ગુમ થનાર ની તથા તેના મમ્મી ની સમંતી લઈ વાલીયા સરકારી દાવાખાનાામા મેડીકલ કરવામા આવેલ તેમજ વધુ મેડીકલ માટે સીવીલ હોસિપટલ ભરૂચ ખાતે ચેકપ કરાવવામા આવેલ જેમા નીલ (નેગેટીવ) સર્ટીફીકેટ આપવામા આવેલ છે. આમ આ ગુનાની તપાસ દરમ્યાન કોઈ ગુનો બનેલ હોય તેવુ જણાતુ ન હોય હકીકતની ભુલ થયેલ છે. જેથી (સી) સમરી ભરી નાયબ પોલીસ અધિક્ષક સા.શ્રી.અંકલેશ્વર મારફતે આપ નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ છે જે સી સમરી મંજુર કરવા વીનંતી છે.**

(૨) નામદાર કોર્ટ દવારા ફરીયાદીને નોટીસ કરતા ફરીયાદી તેઓના વકીલશ્રી સાથે નામદાર કોર્ટ મા હાજર રહેલ અને આંક–૦૩ થી વકીલાતનામુ રજુ કરેલ અને આંક–૦૪ થી પુરસીસ આપેલ અને તેમા જણાવેલ છે કે, અમો ફરીયાદીની દીકરી ગુમ થયેલ હોય તે બાબતે અમો ફરીયાદીએ ફરીયાદ આપેલ પરંતુ અમારી દીકરી પાયલબેન ગણેશભાઈ

વસાવા અમોને મળી ગયેલ હોય અને જેઓ અમારી સાથે અમારા વતન મા ઘરે જોડે રહેતા હોય જેથી સદરહુ ફરીયાદ ને અમો આગળ ચલાવવા માંગતા નથી જે આ પુરસીસ થી જાહેર કરીએ છીએ. આથી ન્યાય ના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–: આ ખ રી હુ ક મ ::–**

આ કામે ત.ક.અ. નાઓ દ્વારા ભરવામા આવેલ સી–સમરી મંજુર કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ :– ૧૩–૦૪–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કરવામા આવ્યો.

**(એ.એમ.સોની )**
જયુડી. મેજી. ફ.કલાસ વાલીયા.